જન્મદિને વધામણી

રમીલાબેન શાંતિલાલ ઘોઘારી
મો. ૯૯૨૫૦ ૪૩૭૪૦

રમેશચંદ્ર કચરાભાઈ શ્રીમાળી
મો. ૯૪૨૮૮ ૧૪૨૪૬

દર્શનાબેન ત્રિવેદી

ઉષા જે ગજજર
પાસ્ટ પ્રેસીડેન્ટ
લાયોનેસ ક્લબ

રવિ ફાચરા

જેનીશ રામાવત

પંકજ પરમાર

જીલ હર્ષદકુમાર પટેલ
મો. ૯૦૧૬૯ ૧૩૫૩૦

કિમા તલાટી
જસ્ટ મિરર બ્યુટી સલૂન
એન્ડ એકેડેમી

ચૌધરી વિદ્યાલયમાં વિદ્યાર્થીનીઓ માટે સાયકોલોજીસ્ટ ઈન્ટર્નશીપ

વિદ્યાર્થીનીઓના માનસિક, સાંવેગિક આવેગોને લગતા પ્રશ્નોને રમતો, મોટિવેશનથી હલ કરાયા

ગાંધીનગર, તા. ૨૨

શ્રી જે એમ ચૌધરી સાર્વજનિક કન્યા વિદ્યાલય ખાતે આચાર્યા સંતોકબેન ચૌધરીના માર્ગદર્શન હેઠળ કનોરિયા મેડિકલ એજ્યુકેશન ડિપાર્ટમેન્ટના કલીનીકલ સાયકોલોજીસ્ટ ડિપ્લોમાનો અભ્યાસ કરનાર વિદ્યાર્થીનીઓ ભૂમિ દવે, નિર્મલ સોલંકી તથા સોનલ મહેતા ધોરણ-૧૧ અને ૧૨ના વર્ગોમાં ઈન્ટર્નશીપમાં જોડાઈ હતી.

એક માસની અવધિના આ કાર્યક્રમમાં વિદ્યાર્થીનીઓના માનસિક, સાંવેગિક આવેગોને લગતા પ્રશ્નોને રમતો, મોટિવેશન કાર્યક્રમો યોજી હલ કર્યા હતા તથા વિદ્યાર્થીઓમાં રહેલા ડરને દૂર કરવાના પ્રયત્નોરૂપે એક પ્રશ્નાવલિ યોજી દરેક વિદ્યાર્થીનીના બુધ્ધિઆંકનો તાગ મેળવવામાં આવ્યો હતો.

નિદર્શન પધ્ધતિ પ્રમાણે શાળાના સુપરવાઈઝર ચારુલબેન પુરોહિત તથા મનોવિજ્ઞાન વિષય શિક્ષક ઉર્મિલાબેન ચૌધરીએ સંપૂર્ણ કાર્યક્રમનું મોનીટરીંગ કરીને ઈન્ટર્ન વિદ્યાર્થીનીઓને પ્રોત્સાહિત કરી હતી. આ વિદ્યાર્થીનીઓ દ્વારા શાળાની વિદ્યાર્થીનીઓમાં સુષુપ્ત શક્તિઓનું યોગ્ય વર્ણન તથા તેની ઉપયોગિતા વિશેની ચર્ચા કરવામાં આવી હતી. સૌ વિદ્યાર્થીનીઓએ આ કાર્યક્રમને માણ્યો હતો તથા તેના માધ્યમથી જ્ઞાન પ્રાપ્ત કર્યું હતું.

ચિલોડામાં તાલુકા કક્ષાનો ખેલ મહાકુંભ

કબડ્ડી સ્પર્ધામાં ૭૦થી વધુ ટીમોએ ભાગ લીધો : ચિલોડા, સાદરા વિદ્યાપીઠ, ડભોડા, રૂપાલ તથા ઈસનપુર મોટાની ટીમો વિજેતા

ગાંધીનગર, તા. ૨૨

જિલ્લાના ચિલોડા ખાતે ચિલોડા-શિહોલી ગૃપ માધ્યમિક શાળાના પટાંગણમાં તાલુકા કક્ષાનો ખેલ મહાકુંભ યોજવામાં આવ્યો હતો.

તાલુકા કક્ષાની કબડ્ડી સ્પર્ધામાં ૭૦થી વધુ ટીમોએ ભાગ લીધો હતો. ખેલ મહાકુંભ અંતર્ગત હાઈસ્કૂલના વિશાળ મેદાનમાં શાળાના ૭૦૦થી વધુવિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.

ચિલોડા, લેકાવાડા, કેન્દ્રીય વિદ્યાલય, અંબાપુર, દશેલા, ઓમ લેન્ડમાર્ક, શાહપુર, લવારપુર, પેથાપુર, મગોડી, અડાલજ, ડભોડા, રાજપુર, ઈસનપુર મોટા, શેરથા, સાદરા, મેદરા, આલમપુર, ઝુંડાલ, શેરથા, વલાદ, આર્મી કેમ્પ વગેરે શાળાઓના વિદ્યાર્થીઓ આ રમતોત્સવમાં જોડાયા હતા.

આ રમતોત્સવમાં વિજેતા તરીકે અન્ડર-૧૩ ભાઈઓના વિભાગમાં ઈસનપુર મોટા તથા બહેનોમાં રૂપાલ પ્રાથમિક શાળા તેમજ અન્ડર-૧૬ ભાઈઓના વિભાગમાં ડભોડા હાઈસ્કૂલ તથા બહેનોમાં ચિલોડા હાઈસ્કૂલ વિજેતા બની હતી. ભાઈઓના ખુલ્લા વિભાગમાં સાદરા વિદ્યાપીઠ વિજેતા બની હતી. ચિલોડા આસપાસના ઉત્સાહી રમતવીરોએ ભાગ લઈ ખેલ મહાકુંભ રમતોત્સવને મન ભરીને માણ્યો હતો. આ સ્પર્ધામાં વિજેતા થનારી ટીમો હવે જિલ્લાકક્ષાની સ્પર્ધામાં ભાગ લેશે.

ગાંધીનગર જિલ્લા પ્રજાપતિ સંઘ દ્વારા સારસ્વત સન્માન સમારોહ

નગરપાલિકા પરિષદ ભવન ખાતે બપોરે બે કલાકે આયોજિત કાર્યક્રમમાં વિદ્યાર્થીઓને સન્માનાશે

ગાંધીનગર, તા. ૨૨

અખિલ ગુજરાત પ્રજાપતિ સંઘ, વડોદરા સંચાલિત ગાંધીનગર જિલ્લા પ્રજાપતિ સંઘ શિક્ષણ સમિતિ દ્વારા સારસ્વત સન્માન અને સ્નેહ મિલન સમારોહનું આયોજન શનિવાર, તા. ૨૩ જાન્યુઆરીના રોજ બપોરે બે કલાકે કરવામાં આવ્યું છે.

અખિલ ગુજરાત પ્રજાપતિ સંઘના ગાંધીનગર જિલ્લા મંત્રી મનુભાઈ કે પ્રજાપતિએ આ અંગેની એક અખબારી યાદીમાં જણાવ્યું છે કે શનિવારે બપોરે બે કલાકે ગુજરાત નગરપાલિકા પરિષદ ભવન, બહુમાળી ભવન પાછળ, સેક્ટર-૧૧ ખાતે આ કાર્યક્રમ યોજવામાં આવ્યો છે.

અખિલ ગુજરાત પ્રજાપતિ સંઘ, વડોદરાના અધ્યક્ષ દલસુખભાઈ સી પ્રજાપતિ આ પ્રસંગે આયોજિત સમારોહના અધ્યક્ષ સ્થાને બિરાજશે.

સમાજના તેજસ્વી તારલાઓને સન્માનવા માટેનો આ કાર્યક્રમ હોઈ તારલાઓને પ્રોત્સાહિત કરવા સૌ સમાજબંધુઓને આ પ્રસંગે ઉપસ્થિત રહેવા તેમણે સંઘ અને સમિતિ તરફથી આમંત્રણ પાઠવ્યું છે.

જીઈબી સરકારી શાળા ખાતે સિસિકા મહિલા પાંખ દ્વારા રમતોત્સવ

ગાંધીનગર, તા. ૨૨

સરકારી પ્રાથમિક શાળા, જીઈબી ખાતે સિનિયર સિટિઝન્સ કાઉન્સિલ મહિલા પાંખ દ્વારા રમતોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું.

ધોરણ-૧થી ૪ના વિદ્યાર્થીઓ માટે લોટ ફૂંકણી, દોડ, સંગીત ખુરશી, જલેબી ખાંઉ, લીંબુ ચમચી તથા ધોરણ પાંચથી આઠના વિદ્યાર્થીઓ માટે દોડ, કોથળા દોડ, ત્રિપગી દોડ, સંગીત ખુરશી, આંધળાનો ગોળીબાર વગેરે રમતોનું આયોજન કરવામાં આવ્યું હતું.

મહિલા પાંખનાં કન્વીનર આશાબેન દોશી, પૂર્વ કન્વીનર જશુબેન ઠક્કર, કારોબારી સભ્ય કોકિલાબેન મહેતા, સભ્ય માલતીબેન ભટ્ટ તરફથી દરેક બાળકને ચોપડા અને પ્રથમ ક્રમે વિજેતા થનારા વિદ્યાર્થીઓનો વોટર બેગ, દ્વિતિય ક્રમે વિજેતા થનારા વિદ્યાર્થીઓને કંપાસ બોક્સ અને તૃતિય ક્રમે વિજેતા થનારા વિદ્યાર્થીઓને રાઈટીંગ પેડ ઈનામ તરીકે આપવામાં આવ્યાં હતાં તથા ભાગ લેનારા સઘળા વિદ્યાર્થીઓને ચોકલેટનું વિતરણ કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે ગાંધીનગર મહાનગરપાલિકાનાં મેયર હંસાબેન મોદી, સીઆરસી પ્રકાશભાઈ ઉપસ્થિત રહ્યા હતા. શાળાનાં આચાર્યા દિપ્તિબેન વસાવડાએ આભારવિધિ કરી હતી.

છાલા હાઈસ્કૂલ ખાતે તાલુકા કક્ષાનો ખેલ મહાકુંભની વૉલીબૉલ સ્પર્ધા યોજાઈ

ગાંધીનગર, તા. ૨૨

કે એમ શાહ હાઈસ્કૂલ, છાલા ખાતે તાલુકા કક્ષાનો ખેલ મહાકુંભ યોજાયો હતો. તાલુકાની વૉલીબૉલ સ્પર્ધામાં અન્ડર-૧૩ અને અન્ડર-૧૬ વિભાગમાં ભાઈઓ અને બહેનોની પચીસ ટીમો આ સ્પર્ધા અંતર્ગત જોડાઈ હતી. શાળાના પ્રમુખ એમ બી પટેલ, મંત્રી ચેલાભાઈ, શાળાના આચાર્ય સી એ પટેલ, વ્યાયામ શિક્ષક ડી એસ શુક્લ તથા અન્ય શાળાના શિક્ષકો, ખેલાડીઓ આ પ્રસંગે ઉપસ્થિત રહ્યા હતા. અન્ડર-૧૩ તથા અન્ડર-૧૬ ભાઈઓના વિભાગમાં શ્રી કે એમ શાહ હાઈસ્કૂલ વિજેતા બની હતી, બહેનોના વિભાગમાં છાલા હાઈસ્કૂલે દ્વિતિય સ્થાન મેળવ્યું હતું.

મનોરંજન

સિટી પલ્સ

સ્ક્રીન-૧
એરલિફ્ટ
૧૨.૪૫, ૩.૪૫,
૬.૪૫, ૧૦.૦૦
સ્ક્રીન-૨
ક્યા કૂલ હૈ હમ-૩ (એ)
૧૨.૧૫, ૩.૧૫,
૬.૧૫, ૯.૪૫
સ્ક્રીન-૩
ક્યા કૂલ હૈ હમ-૩ (એ)
૫.૦૦, ૧૦.૦૦
સ્ક્રીન-૪
એરલિફ્ટ
૨.૩૦, ૭.૪૫
ક્યા કૂલ હૈ હમ-૩ (એ)
સવારે ૧૦.૦૦
વઝીર
રાત્રે ૧૦.૦૦
બાજીરાવ મસ્તાની
૭.૦૦
રોમાંસ કોમ્પ્લીકેટેડ (ગુજ)
૧.૦૦
સ્ક્રીન-૫
એરલિફ્ટ
સવારે ૧૦.૦૦, ૪.૪૫
ક્યા કૂલ હૈ હમ-૩ (એ)
૨.૧૫, ૭.૩૦
સ્ક્રીન-૬
વઝીર
૪.૦૦
બાજીરાવ મસ્તાની
૭.૦૦
ક્યા કૂલ હૈ હમ-૩ (એ)
૧૧.૧૫
એરલિફ્ટ
રાત્રે ૯.૩૦

દુબઈના અમીરાત મોલ ખાતે અશોક ખાંટના ગુજરાતના ગ્રામ્યજીવનનાં ચિત્રો પ્રદર્શિત થશે

ગાંધીનગર, તા. ૨૨

આણંદમાં વસતા અને ચિત્રકલા ક્ષેત્રે રાષ્ટ્ર અને આંતરરાષ્ટ્રિય કક્ષાએ પ્રસિધ્ધી મેળવનાર મુળ સૌરાષ્ટ્રના ખેડૂત પરિવારમાંથી આવતા તેમજ અનેક સંઘર્ષો કરી કલા જગતમાં પોતાનું ઉચ્ચ સ્થાન મેળવનાર એવા ભાયાવદરના વતની કલાકાર અશોક ખાંટનાં સુંદર વાસ્તવિક શૈલીના તૈલચિત્રોએ ખૂબ જ લોકપ્રિયતા પ્રાપ્ત કરી છે.

હવે તેમની કલાયાત્રામાં વધુ એક સિધ્ધિ ઉમેરાઈ છે, જે ચરોતર પ્રદેશ અને ગુજરાત માટે પણ ગૌરવની વાત છે.

મુંબઈના ઈન્ટરનેશનલ આર્ટ એક્સપર્ટ યુએઈ -૧૬ 'મુદ્રા આર્ટ' દ્વારા આયોજિત 'આર્ટ બિયોન્ડ બોર્ડર્સ ' નામે ભારતના ખ્યાતનામ અને ઊભરતા કલાકારોનાં ચિત્રો તેમજ શિલ્પોનું અદભૂત કલાપ્રદર્શન દુબઈના પ્રખ્યાત અમીરાત મોલ ની ગેલેરી ઓફ લાઈટ ખાતે આગામી તારીખ ૬ થી ૧૨ ફેબ્રુઆરીના યોજાનાર છે, જેમાં આણંદ ના કલાકાર અશોક ખાંટનાં ગુજરાતના ગ્રામ્યજીવન પરના વાસ્તવિક શૈલી પર આધારિત ત્રણ સુંદર તૈલચિત્રો પ્રદર્શિત થનાર છે.

આ પ્રદર્શન મુંબઈના કલાપ્રેમી એવા દિલીપ રાજા અને દક્ષા ખાંડવાલા દ્વારા આયોજિત કરવામાં આવશે, એમ કલાકાર ખાંટ દ્વારા જાણવા મળ્યું છે.





ભોગ પરમાત્મા સાથે યોગ થવા ન દે

સંસ્કૃત સાહિત્યમાં 'રંભા-શુક સંવાદ' નામનું એક લઘુ કાવ્ય છે. તેના સર્જક આદ્ય શંકરાચાર્ય મનાય છે. આ એક સંવાદ કાવ્ય છે. રંભા-અપ્સરા તથા યોગી શુકદેવ વચ્ચેનો કાલ્પનિક સંવાદ નિરુપાયો છે. કાવ્યના અંતિમ શ્લોકોના છેલ્લા ચરણમાં કહેવાયું છે કે કાવ્યના માત્ર વાચનથી શું વળે?

સાહિત્યનું વાચન એ આંતરિક પ્રકાશ ન પાથરે, વિવેક જાગૃત ન કરે તો તેનું શું પ્રયોજન? વિશેષતા તો એ છે કે અપ્સરા રંભા તથા યોગી શુકદેવ પોતાની વાત રજૂ કર્યા પછી આ પ્રશ્ન કરે છે. કાવ્યનો મૂળભૂત હેતુ તો રાગ અને ત્યાગ-ભોગવાદી વિચારધારા તથા ત્યાગવાદી વિચારધારાના લાભાલાભો ચર્ચવાનો છે. આપણે ત્યાં કવિ દલપતરામે કર્મ ઉદ્યમ નામનું સંવાદ કાવ્ય રચ્યું છે, તેમાં 'ઉદ્યમી ઉદ્યમ એળે ગયો, કર્મવંત તો આગળ થયો' તેવો નિર્ણય કવિ આપે છે. રંભા શુક સંવાદનો કર્તા આવો કોઈ નિર્ણય આપતો નથી. બંને પક્ષો પોતાની વાત રજૂ કરે છે, તેમાં કયો માર્ગ અપનાવવો એ વાચક પર છોડે છે. રંભા અપ્સરા છે તે ભોગવાદી વિચારધારાનું પ્રતિનિધિત્વ કરે છે.

આ વિચારધારા પ્રાચીન સમયથી વ્યાપકપણે ફેલાયેલી છે. રંભાની મુખ્ય દલિલ એ છે કે આ જીવન ભોગ ભોગવવા જ સર્જાયું છે. પ્રકૃતિની રચના જ એવી છે કે તમે ભોગવો તેટલું પામો. સમસ્ય વિશ્વમાં વ્યાપ્ત પ્રાણીસૃષ્ટિ પ્રકૃતિના આ નિયમ પ્રમાણે જ વર્તે છે. કોઈ પ્રાણી ક્યારેય ભૂતકાળ વાગોળતું નથી કે ભવિષ્યનાં સ્વપ્નો જોતું નથી. એ વર્તમાનમાં જ જીવે છે ને વર્તમાનમાં જીવવું એટલે પ્રાપ્ત પદાર્થોનો પૂરેપૂરો ભોગ ભોગવવો. પદાર્થનો ઉપભોગ તે જ તેનો સાચો ઉપયોગ છે.

આપણા શબ્દોમાં કહીએ તો, 'આત્મા જેવું કશું નથી. આ શરીર જ મુખ્ય છે. ભોગવાદી પ્રવૃત્તિના કારણે જ માનવ મગજનો વિકાસ થયો છે. વિવિધ પ્રકારની ભોગ સામગ્રી અને સાધનોનું સંશોધન થવા લાગ્યું છે. જો શરીરને સુખ આપવાની ઈચ્છા કે કામના ન થાત તો માનવી આજે પણ ગુફામાં વનવાસી જીવન જ જીવતો હોત. ભોગવાદી વિચારધારાથી સમાજમાં નવું તેજ તેમજ જ્ઞાન પ્રગટ્યું છે.'

ઉપનિષદને ટાંકતાં જણાવાયું છે કે પરમાત્માએ ઈન્દ્રિયોના દેવો સર્જ્યા પછી તેના આહારની વ્યવસ્થા કરી છે. આ દર્શાવે છે કે ઈન્દ્રિયોને તેનો આહાર આપવો જોઈએ. આહાર પામવાથી ઈન્દ્રિયો અને તેના દેવો તૃપ્ત થાય છે. પરિણામે વ્યક્તિને તૃપ્તિનો આનંદ મળે છે અને આનંદ તો પરમાત્માનો જ પર્યાય છે. આથી ભોગ વાટે પણ પરમતત્ત્વનો સાક્ષાત્કાર થઈ શકે. જેમાં મન આનંદ અનુભવે તેવા તમામ પ્રકારનાં સંસાધનોનો પૂરતો ઉપયોગ કરવો જોઈએ.

રંભાના દરેક શ્લોક સામે શુક જોગીનો શ્લોક પણ છે, તે ત્યાગને મહત્ત્વ આપે છે. તેના મંતવ્ય પ્રમાણે આ શરીર સર્વસ્વ નથી. શરીર તો વિનાશ પામે છે, જીર્ણ થાય છે. વૃધ્ધાવસ્થા આવતાં ઈન્દ્રિયોની શક્તિ ક્ષીણ થવા લાગે છે. એ સમયે ભોગ ભોગવી શકાતો નથી, વિષય સુખ પામી શકાતું નથી. વળી વિષયસુખથી જે મળે છે તે સાચો આનંદ નથી. એ તો આનંદનો આભાસ માત્ર છે. આનંદ તો શાશ્વત હોય છે. શરીર



પૂર્ણ થતાં વિષયસુખનો અંત આવે છે. તૃષ્ણા ક્યારેય સંતોષાતી નથી, કામનાઓ જાગૃત થયા જ કરે છે. પરિણામે વ્યક્તિના જીવનમાં અસંતોષ પેદા થાય છે. વિષય-ભોગનો ત્યાગ કરવાથી જ મન શાંત થાય છે.

શુક યોગીની દલિલો આક્રમક નથી, શાંત તથા સ્વસ્થ છે. આ ભોગ પરમાત્મા સાથે યોગ થવા ન દે. ભોગનો માર્ગ તો વિનાશનો માર્ગ છે. વ્યક્તિ વિષય સુખમાં જો રચ્યોપચ્યો રહે છે તો જીવનનું ધ્યેય પામી શકતો નથી. સુખવાંચ્છુ વ્યક્તિ આળસુ તથા પ્રમાદી બનતી જાય છે. પ્રબળ કામેચ્છા ધરાવતો સમાજ અનિયંત્રિત થઈ જાય છે. પરિણામે તેનો નાશ થાય છે. વિશ્વની ભોગવાદી તમામ સંસ્કૃતિઓ કાળના ગર્ભમાં સમાઈ ગઈ છે, જ્યારે ત્યાગવાદી ભારતીય સંસ્કૃતિ ટકી રહી છે.

ઈન્દ્રિયોની તૃપ્તિથી સંતોષ થવાની વાત પણ ભ્રામક છે, એ આનંદ નથી, માત્ર ક્ષણિક સુખ છે. સાચો આનંદ ને શાંતિ ત્યાગમાં છે કારણ ત્યાગીને કંઈ પામવાની ઈચ્છા હોતી નથી. ઈચ્છાઓનો અંત આવતાં ભવબંધનો છૂટી જાય છે ને મુક્તિનો માર્ગ મળે છે.

આ કાવ્ય બંને માર્ગ કે વિચારધારાને માત્ર વ્યક્ત કરે છે. કયો માર્ગ માનવી માટે શ્રેયકર છે તે કંઈ સર્જક કહેતા નથી. બંને વિચાર પ્રવાહો સનાતન છે. દરેક યુગમાં બંને પ્રકારના માનવીઓ મળે છે.

ભોગવાદી વિચારધારાના પાયામાં હિંસા તથા અસત્ય હોય છે, ત્યાં સ્વર્થ પ્રથમ છે. અન્યનું પડાવી લેવું, પોતે જ વધારેમાં વધારે વાપરવું અને સંગ્રહ કરવાની વૃત્તિ હોય છે. જ્યારે ત્યાગ કે જ્ઞાન માર્ગની વિચારધારાનો પાયો જ માનવતાની ભાવના પર મૂકાયેલો છે. જેમાં પોતાની જાતને ગૌમ માની અન્યના સુખ તથા વધારે સગવડતા જોવામાં આવે છે. ત્યાગની ભાવનાના વધારાથી સમાજ નિષ્પ્રભાવ બને છે, તે વાત સાચી નથી. ત્યાગના કારણે જ સમાજમાં એકરૂપતાનું નિર્માણ થાય છે. ત્યાગ અને વૈરાગ્ય એ તો જ્ઞાન-ભક્તિની બે પાંખો ગણાય છે.

શુકદેવ કહે છે, જો માનવ જીવન જ ઉચ્ચ ને શ્રેષ્ઠ છે. આ અવતારમાં પરમને પામવાની તક છે. મહામૂલો માનવ અવતાર માત્ર ભોગ ભોગવવા માટે નથી. જો આ અવતારમાં મોક્ષ માટે પ્રયત્નો ન કર્યા, સત્સંગ ન કર્યો, શાસ્ત્રોનું અધ્યયન-પઠન ન કર્યું અને ભગવાનના ચરણે મસ્તક મૂકી સમર્પણ ન કર્યું તો આ જીવનનું શું પ્રયોજન છે? સત્ય છોડી અસત્ય તરફ દૃષ્ટિ કરવાથી પતન જ થાય. જો જીવન દરમિયાન અસદ્ ભાવનાઓ ન છોડી શક્યા તો પછી તમામ નકામું. વ્યર્થતાને મૂલ્ય ન હોય.